પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૦૧ | ૧ ઓક્ટોબર, ૨૦૨૨, શનિવાર; આસો સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટનો વધારો

**રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટનો વધારો કરતા લોન મોંઘી થવાનું નક્કી! : રિઝર્વ બેંકે ઓગસ્ટ ૨૦૨૨માં જારી કરેલી તેની ક્રેડિટ પોલિસીમાં રેપો રેટમાં ૦.૫૦ ટકાનો વધારો કર્યો હતો, જે પછી તે વધીને ૫.૪૦ ટકા થઈ ગયો હતો**

નવી દિલ્હી,તા.૩૦

ભારતીય રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટીની બેઠક જે ૨૮ સપ્ટેમ્બરે શરૂ થઈ હતી, તેના નિર્ણયો આજે જાહેર કરવામાં આવ્યો છે. રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસ આજે સવારે રેપો અને અન્ય પોલિસી રેટની જાણકારી આપતા રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટની વધારાની જાહેરાત કરી છે. રેપો રેટમાં વધારો થવાને કારણે સામાન્ય માણસ માટે ઈૅેં મોંઘી થવા જઈ રહી છે. આરબીઆઈએ રેપો રેટમાં વધારાની જાહેરાત કરતાં હવે રેપો રેટ વધીને ૫.૯ થઈ ગયો છે. રિઝર્વ બેંકે ઓગસ્ટ ૨૦૨૨માં જારી કરેલી તેની ક્રેડિટ પોલિસીમાં રેપો રેટમાં ૦.૫૦ ટકાનો વધારો કર્યો હતો, જે પછી તે વધીને ૫.૪૦ ટકા થઈ ગયો હતો. આરબીઆઈએ મે મહિનામાં ૦.૪૦ ટકા, જૂનમાં ૦.૫૦ ટકા અને ઓગસ્ટમાં પણ ૦.૫૦ ટકાનો વધારો કર્યો છે. આ વર્ષે અત્યાર સુધીમાં આરબીઆઈએ રેપો રેટમાં કુલ ૧૪૦ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે અને જો આપણે બેંકો પર તેની અસર જોઈએ તો ઘણી બેંકોએ તેમના લોનના દરમાં ૦.૭૫ ટકાનો વધારો કર્યો છે. મોટા ભાગના નાણાકીય નિષ્ણાતોનું માનવું છે કે દેશમાં વધતી જતી મોંઘવારીને કારણે આરબીઆઈએ આ વખતે પણ દર વધારવાની જાહેરાત કરવી પડશે. ઓગસ્ટમાં રિટેલ ફુગાવાનો દર ૭ ટકાની નજીક આવ્યો હતો, જે આરબીઆઈના ૪ ટકા ફુગાવાના લક્ષ્યાંક કરતાં વધુ છે. આ સિવાય વિશ્વની ઘણી સેન્ટ્રલ બેંકો પણ પોતાના વ્યાજ દરમાં વધારો કરી રહી છે, જેના કારણે ઈૅેં પર દર વધારવાનું દબાણ છે. તાજેતરમાં, ૨૧ સપ્ટેમ્બરના રોજ, યુએસ ફેડરલ રિઝર્વે પણ વ્યાજ દરમાં વધારો કર્યો, જે આરબીઆઈના ધ્યાન પર રહેશે.

## ત્રણ સિંહની પ્રતિમામાં કશું જ ખોટું નથી: સુપ્રીમ કોર્ટ

**સેન્ટ્રલ વિસ્ટામાં મુકાનારી પ્રતિમાને લઈને સુપ્રીમનો ચુકાદો**

નવી દિલ્હી, તા.૩૦

સુપ્રીમ કોર્ટે સેન્ટ્રલ વિસ્ટા એટલે કે નવા સંસદ ભવન પરિસરમાં મુકાનારી ત્રણ સિંહની પ્રતિમાને લઈને પોતાનો ચુકાદો આપી દીધો છે.



કોર્ટે કહ્યુ છે કે, ખુલ્લા મોઢાવાળા સિંહોની પ્રતિમામાં કશું ખોટુ નથી.આ પ્રતિમા કોઈ પણ પ્રકારના રાષ્ટ્રીય પ્રતિકને લગતા કાયદાની વિપરીત નથી. આમ સેન્ટ્રલ વિસ્ટા પર ખુલ્લા મોઢાવાળા સિંહની પ્રતિમા યથાવત રહેશે.

નવા સંસદ ભવનમાં મુકાનારી આ પ્રતિમાની સામે કોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી. જેમાં કોર્ટે પિટિશન કરનારને પૂછયુ હતુ કે, તમે નક્કી કરશો કે આ પ્રતિમા કેવી હશે? આ પ્રતિમા કેવી દેખાય છે તે જોનારાના વિવેક પર આધાર રાખે છે.

ઉલ્લેખનીય છે કે, પ્રતિમાનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો હતો અને કોંગ્રેસે આરપ લગાવ્યો હતો કે, સારનાથ ખાતે આવેલા અશોક સ્તંભ પરના ત્રણ સિંહોના ચરિત્ર અને પ્રકૃતિને બદલી નાંખવામાં આવી છે અને તે ભારતના નેશનલ સિમ્બોલનુ અપમાન છે. એ પછી આ પ્રતિમાને બદલવા માટે સુપ્રીમ કોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી. સરકારે જે તે સમયે સ્પષ્ટતા કરી હતી કે સારનાથ ખાતેની પ્રતિમાને મોટી કરવામાં આવે અને નવા સંસદ ભવન પરની પ્રતિમાનુ કદ જો નાનુ કરવામાં આવે તો બંને પ્રતિમા એક સરખી જ લાગશે.

## યુએસના વિઝા માટે દિલ્હીનો એપોઈન્ટમેન્ટ વેઈટિંગ ટાઈમ ૮૩૩ દિવસ

**જયશંકરે અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન સાથે ભારત તરફથી વિઝા અરજીઓના બેકલોગનો મુદ્દો ઉઠાવ્યો હતો**

નવી દિલ્હી,તા.૩૦

યુએસ સરકારની એક વેબસાઈટ દર્શાવે છે કે ભારતીય વિઝા અરજદારોને માત્ર એપોઈન્ટમેન્ટ લેવા માટે ૨ વર્ષથી વધુ રાહ જોવાની જરૂર છે, જ્યારે ચીન જેવા દેશો માટે સમય મર્યાદા માત્ર બે દિવસની છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટની વેબસાઈટ બતાવે છે કે દિલ્હીથી વિઝિટર વિઝા માટે અરજી કરવા માટે ૮૩૩ દિવસ અને મુંબઈથી એપોઈન્ટમેન્ટ વેઈટીંગ ટાઈમ ૮૪૮ દિવસનો છે. તેનાથી વિપરીત, બેઈજિંગ માટે રાહ જોવાનો સમય માત્ર ૨ દિવસ છે અને ઈસ્લામાબાદ માટે ૪૫૦ દિવસ છે. સ્ટુડન્ટ વિઝા માટે, દિલ્હી અને મુંબઈ માટે એપોઈન્ટમેન્ટ વેઈટીંગ ટાઈમ ૪૩૦ દિવસ છે. આશ્ચર્યજનક રીતે, ઈસ્લામાબાદ માટે તે આ સમય ફક્ત ૧ દિવસ છે, અને બેઈજિંગ માટે ૨ દિવસ છે. વિદેશ મંત્રી એસ જયશંકરે ગઈકાલે અમેરિકી વિદેશ મંત્રી સાથે ભારત તરફથી વિઝા અરજીઓના બેકલોગનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે આ વિશે મીડિયાને કહ્યું, ’મેં યુએસ સેક્રેટરી ઑફ સ્ટેટ એન્ટની બ્લિંકનને સૂચન કર્યું હતું કે આ બાબતને વધુ સારી રીતે પાર પાડવા અમેરિકાની સરકારને ભારત સરકારની મદદની જરૂર હોય તો અમે તેના માટે તૈયાર છીએ.

## લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણે CDS તરીકે સંભાળ્યો કાર્યભાર

**શહીદોને આપી શ્રદ્ધાંજલિ : ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ તરીકે હું ત્રણેય સંરક્ષણ દળોની અપેક્ષાઓ પૂર્ણ કરવાનો પ્રયાસ કરીશ**

નવી દિલ્હી,તા.૩૦

લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણે દેશના નવા ઝઙ્ઢજી એટલે કે ચીફ ડિફેન્સ ચીફ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. આ પહેલા અનિલ ચૌહાણ આજે શુક્રવારે દિલ્હીમાં વોર મેમોરિયલ પહોંચ્યા હતા અને અમર જવાન જ્યોત અને વોર મેમોરિયલ ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ દરમિયાન ઝઙ્ઢજી જનરલ અનિલ ચૌહાણે કહ્યું કે, ભારતીય સશસ્ત્ર દળોમાં સર્વોચ્ચ પદની જવાબદારી નિભાવીને મને ગર્વ છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ તરીકે હું ત્રણેય સંરક્ષણ દળોની અપેક્ષાઓ પૂર્ણ કરવાનો પ્રયાસ કરીશ. અમે સાથે મળીને તમામ પડકારો અને મુશ્કેલીઓનો સામનો કરીશું અને તેનો સામનો કરીશું. ઝઙ્ઢજી જનરલ અનિલ ચૌહાણે આર્મી ચીફ જનરલ મનોજ પાંડે અને એર ચીફ એર ચીફ માર્શલ વીઆર ચૌધરીએ વાઈસ એડમિરલ એસએન ઘોરમાડે અને નૌકાદળના વાઈસ ચીફ એર માર્શલ બીઆર કૃષ્ણા સાથે મુલાકાત કરી હતી. તે જ સમયે, ત્રણેય સેનાઓએ તેમને ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ૬૧ વર્ષીય અનિલ ચૌહાણ, એક સન્માનિત સૈન્ય અધિકારી, સંરક્ષણ વિભાગના સચિવ તરીકે પણ કામ કરશે.



## ગ્રાન્ડ ઓમેક્સ સોસાયટીમાં ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવાયું

**નોઈડામાં ફરી એકવાર શ્રીકાંત ત્યાગીની સોસાયટીમાં હલચલ : નોઈડા ઓથોરિટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમના દ્વારા ૭૭-૮૦ સ્થળોની ઓળખ કરવામાં આવી છે, જયાં ગેરકાયદેસર રીતે બાંધકામો ઉભા કરવામાં આવ્યા છે**



નવી દિલ્હી, તા.૩૦

નોઈડામાં ફરી એકવાર શ્રીકાંત ત્યાગીની સોસાયટીમાં હલચલ મચી ગઈ છે. ગ્રાન્ડ ઓમેક્સ સોસાયટીમાં ગેરકાયદે બાંધકામો સામે બુલડોઝરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અતિક્રમણ દૂર કરવા વહીવટીતંત્રનું બુલડોઝર દ્વારા ગ્રાન્ડ ઓમેક્સ સોસાયટીની અંદર ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની કામગીરી ચાલી રહી છે.

લોકોએ સોસાયટીમાં ઘણી જગ્યાએ સેટ બનાવ્યા હતા. નોઈડા ઓથોરિટીની ટીમ જ તેને બુલડોઝરથી નીચે પાડી રહી છે. નોઈડા ઓથોરિટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમના દ્વારા ૭૭-૮૦ સ્થળોની ઓળખ કરવામાં આવી છે, જ્યાં ગેરકાયદેસર રીતે બાંધકામો ઉભા કરવામાં આવ્યા છે.

જેલમાં બંધ નેતા શ્રીકાંત ત્યાગીની સોસાયટીની બહાર તેમના સમર્થનમાં વિરોધ પ્રદર્શન કરવા બદલ નોઈડા પોલીસે લગભગ ૭૫ લોકો સામે ગુનો નોંધ્યો છે, જેમાં મોટાભાગે ત્યાગી સમુદાયના છે.

સ્થાનિક પોલીસ સ્ટેશનના પ્રભારીની ફરિયાદ પર દાખલ કરવામાં આવેલી એફઆઈઆર અનુસાર, ગૌતમ બુદ્ધ નગર જિલ્લામાં લાદવામાં આવેલી કલમ ૧૪૪નું ઉલ્લંઘન કરવા બદલ છ નામાંકિત વ્યક્તિઓ સહિત પ્રદર્શનકારીઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો.

## એક વર્ષની અંદર દેશમાં વધુ ૭૫ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દોડાવાનું સરકારનું લક્ષ્ય : મોદી

**મોદીએ થલતેજથી વસ્ત્રાલ રૂટ પર મેટ્રો ટ્રેન અને વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું ઉદ્‌ઘાટન કર્યું : અમદાવાદની ઓળખ અમદાવાદનો રિક્ષા વાળો હતો જે હવે અમદાવાદની મેટ્રોવાળો કહેવાશે, ૨૧મી સદીના ભારતના શહેરોને નવી ગતિ મળશે**













અમદાવાદ, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થલતેજથી વસ્ત્રાલ રૂટ પર મેટ્રો ટ્રેન અને વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું ઉદ્‌ઘાટન કરી દીધું છે. પીએમ મોદીએ થલતેજના એઈએસ ગ્રાઉન્ડ ખાતે જાહેરસભાને સંબોધન કરતા કહ્યું કે, અમદાવાદની ઓળખ અમદાવાદનો રિક્ષા વાળો હતો..જે હવે અમદાવાદની મેટ્રોવાળો કહેવાશે. પીએમ મોદીએ સંબોધન દરમિયાન જણાવ્યું હતું કે, આવતા વર્ષે ઓગસ્ટ મહિના સુધીમાં ૭૫ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દેશમાં દોડાવવાનું સરકારનું લક્ષ્ય છે. મેટ્રોમાં પ્રવાસ કરતા વિદ્યાર્થીઓને હું એક રિકવેસ્ટ કરું છું કે, આ મેટ્રો સ્ટેશન કેવી રીતે આકાર પામ્યું. ખોદકામ કેવી રીતે કર્યું, ટનલ કેવી રીતે બની આ તમામ બાબતો જાણે. શિક્ષણ વિભાગને પણ વિનંતી કરું છું કે, વિદ્યાર્થીઓને માત્ર ટ્રેનમાં જ મુસાફરી ન કરાવતા આ મેટ્રો આકાર કેવી રીતે પામી તેની જાણકારી પણ મેળવે. તેમણે વધુમાં કહ્યું કે, વંદે ભારત ટ્રેન કરતાં એરપ્લેનમાં ૧૦૦ ગણો અવાજ થાય છે. હવે જેમને પ્લેનમાં જવાની ટેવ છે તેઓ હવે ટ્રેનમાં જશે. ગાંધીનગર સુધી લંબાવાશે મેટ્રો, નજીકના ભવિષ્યમાં જ મેટ્રો ટ્રેનનો બીજો ફેઝ ગાંધીનગર સુધીનો રહેશે.

વંદે ભારત ટ્રેનની શરૂઆત થતાં ગણતરીના કલાકોમાં જ મુંબઈ પહોંચાડશે. કોઈ બહારથી વંદે ભારત એક્સપ્રેસથી આવે તો સીધું મેટ્રોમાં બેસીને અમદાવાદમાં જ્યાં જવું હોય ત્યાં જઈ શકે છે.

## યુએસ માર્કેટમાં તોફાનથી મસ્કની સંપત્તીમાં ૧૩.૩ અબજ ડોલરનું ધોવાણ

નવી દિલ્હી, તા.૩૦

અમેરિકી શેર માર્કેટમાં ગુરૂવારના રોજ ફરી એક વખત વેચાવલીનું તોફાન જોવા મળ્યું હતું જેમાં ટેસ્લા, ગૂગલ (આલ્ફાબેટ ઈક્ર), ફેસબુક (મેટા) અને એમેઝોન જેવી અનેક દિગ્ગજ કંપનીઓના શેર ઉંધા માથે પટકાયાં હતા. અમેરિકી માર્કેટમાં જોવા મળેલા આ તોફાનના કારણે વિશ્વના ટોચના ધનિક એલન મસ્કની કુલ સંપત્તિમાંથી ૧૩.૩ અબજ ડોલર (આશરે ૧,૦૮,૫૮૭ કરોડ રૂપિયા)નું ધોવાણ થયું છે. તે સિવાય જેફ બેઝોસને પણ ૩.૨૨ અબજ ડોલરનો ફટકો પડ્યો છે.

ગુરૂવારે અમેરિકી શેર માર્કેટનો પ્રમુખ ઈન્ડેક્સ ડાઉ જોન્સ ૧.૫૪ ટકા એટલે કે, ૪૫૮ પોઈન્ટ ગબડીને ૨૯,૨૨૫ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે નાસડેકમાં ૨.૮૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો અને તે ૧૦,૭૩૭ના સ્તરે બંધ રહ્યો. એસ એન્ડ પી ૫૦૦માં (જીશ્ૅ૫૦૦) પણ ૨.૧૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો. આ બધા કારણોસર એલન મસ્કની ટેસ્લાના શેર ૬.૮૧ ટકા તૂટ્યા હતા અને તેમને એક જ દિવસમાં ૧૩.૩ અબજ ડોલરનું નુકસાન થયું હતું.

જેફ બેઝોસની એમેઝોનના શેરમાં પણ ૨.૭૨ ટકાનું ભંગાણ જોવા મળ્યું હતું. આ કારણે તેમની કુલ સંપત્તિમાં ૩.૨૨ અબજ ડોલરનો ફટકો પડ્યો છે. ફેસબુક, મેટા પ્લેટફોર્મના શેર પણ ૩.૬૭ ટકા તૂટ્યા હતા. આ કારણે માર્ક ઝુકરબર્ગની સંપત્તિમાં ૧.૮૨ અબજ ડોલરનો ઘટાડો જોવા મળ્યો છે.

## દિગ્વિજય સિંહની કોંગ્રેસ અધ્યક્ષપદની ચૂંટણી નહીં લડવા જાહેરાત

નવી દિલ્હી, તા.૩૦

કોંગ્રેસ અધ્યક્ષ પદની ચૂંટણી માટે નામાંકનની આજે અંતિમ તારીખ છે. પાર્ટીના આ મહત્વના પદ માટે જામેલી ખેંચમ-તાણમાંથી રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત બહાર થઈ ગયા છે. ત્યારે હવે દિગ્વિજય સિંહે પણ પોતે કોંગ્રેસ અધ્યક્ષ પદની ચૂંટણી નહીં લડે તેવી જાહેરાત કરી છે. કોંગ્રેસ અધ્યક્ષ પદ માટેની રેસમાં મલ્લિકાર્જુન ખડગનું નામ પણ સામેલ થયું ત્યાર બાદ દિગ્વિજય સિંહે આ નિર્ણય જાહેર કર્યો છે.

## ટી૨૦ વર્લ્ડ કપની વિજેતા ટીમને ૧૩ કરોડ રૂપિયા મળશે

**આ ટુર્નામેન્ટમાં કુલ ૧૬ ટીમો ભાગ લેશે અને તે લગભગ એક મહિના સુધી ચાલશે**

નવી દિલ્હી, તા.૩૦

ઓસ્ટ્રેલિયામાં યોજાનાર મેન્સ ટી૨૦ વર્લ્ડ કપની વિજેતા ટીમને જીત બાદ ઈનામી રકમને લઈને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) એ શુક્રવારે જાહેરાત કરી છે. જે મુજબ ટી૨૦ વર્લ્ડ કપની વિજેતા ટીમને ૧.૬ મિલિયન યુએસ ડોલર (લગભગ ૧૩ કરોડ રૂપિયા)ની ઈનામી રકમ આપવામાં આવશે.

આઈસીસીએ દુબઈમાં જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યું છે કે, ઉપવિજેતા ટીમને ટી૨૦ વર્લ્ડ કપની વિજેતા ટીમને મળેલી પ્રાઈઝ મનીમાંથી અડધી ઈનામી રકમ મળશે.આ ટુર્નામેન્ટમાં કુલ ૧૬ ટીમો ભાગ લેશે અને તે લગભગ એક મહિના સુધી ચાલશે. તેની કુલ ઈનામી રકમ ૫૬ લાખ અમેરિકી ડોલર છે. જેમાંથી સેમીફાઈનલમાં હારનાર ટીમને દરેકને ૪૦૦,૦૦૦ ડોલર મળશે. સુપર ૧૨ સ્ટેજમાંથી બહાર કરવામાં આવેલી આઠ ટીમોમાંથી દરેકને ૭૦,૦૦૦ ડોલર ઈનામી રકમ મળશે. આઈસીસીએ કહ્યું કે, ગત વર્ષના ટી૨૦ વર્લ્ડ કપની જેમ આ વખતે પણ સુપર ૧૨ તબક્કામાં ૩૦ મેચ જીતનારી દરેક ટીમને ૪૦,૦૦૦ ડોલર મળશે. સુપર ૧૨ સ્ટેજમાં આઠ ટીમોને સીધી એન્ટ્રી આપવામાં આવી છે.

સદ્‌વિચાર પરિવાર સંચાલિત
હિરાલક્ષ્મી ભીખાલાલ બેન્કર
દિવ્યાંગ પુનર્વસન કેન્દ્ર
ઉવારસદ, જી. ગાંધીનગર.

**ટેન્ડરમાં સુધારો**

તા.૩૦-૧૦-૨૦૨૨ના રોજ ગાંધીનગર સમાચાર - ગાંધીનગરમાં જાહેર ખબર અન્નપૂર્ણા ભવનના રીનોવેશનની અંદાજિત કિંમત ભુલથી રૂા.૪,૨૨,૩૦૨ લખાયેલ છે. **જેની અસલ અંદાજિત કિંમત રૂા.૪૨,૨૩,૦૧૨/- છે જે વાંચવું અને સમજવું.**

શ્રી રામસિંહ ચૌહાણ - કેમ્પસ ડાયરેક્ટર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧